ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
આઝાદી કા અમૃત મહોત્સવ
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ- 2059/10/2023** **તા:12/10/2023**

## પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના અધ્યક્ષસ્થાને તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજીના માર્ગદર્શનમાં પ્રદેશ ચિકિત્સા સેલ દ્વારા નવરાત્રીમાં ગરબે ઘૂમતા ખેલૈયાઓ માટે એક વિશેષ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું.

----

## નવરાત્રીમાં ગરબે ઘૂમતા ખેલૈયાઓને કે કોઇ નાગરિકને હ્રદયરોગનો હુમલો આવે તો દર્દીને તાત્કાલીક સારવાર મળે તે પ્રકારે ભાજપા મેડિકલ સેલ દ્વારા વિશેષ આયોજન હાથ ધરાયું.

----

## ગરબા મહોત્સવનું આયોજન થવાનું છે ત્યા મેડિકલ કેમ્પ રાખવામાં આવશે તેમજ મંડલ સ્તરના ચિકિત્સા સેલના ડોકટરશ્રીઓ ઓન કોલ હાજર રહે અને નજીકની સ્પેશિયાલિટી હોસ્પિટલમાં દર્દીઓને સારવાર મળી રહે તેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. – ડો.ધર્મેન્દ્ર ગજ્જર

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મેડિકલ સેલના સંયોજકશ્રી ડો.ધર્મેન્દ્રભાઇ ગજ્જર એક અખબારી યાદીમાં જણાવે છે કે, તાજેતરમાં રાજયમાં હાર્ટ એટેકના કિસ્સા ઘણા વધી ગયા છે. હાર્ટ એટેકથી હવે યુવાનોના પણ મોતના સમાચાર આવી રહ્યા. જીમમાં કસરત કરતા, રમત રમતા કે ગરબા કરતા યુવાનોને હાર્ટ એટેક આવ્યા ના સમાચારથી આજે સૌ ચિંતિત છે ત્યારે હાલ નવરાત્રીના તહેવાર પ્રસંગે ગરબા મહોત્સવમાં ભાગ લેતા નાગરિકો ભય વગર ભાગ લઇ શકે તે માટે પેજ સમિતિના પ્રણેતા એવા યશસ્વી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના અધ્યક્ષસ્થાને તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજીના માર્ગદર્શનમાં પ્રદેશ ચિકિત્સા સેલ દ્વારા એક વિશેષ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં મંડલ સ્તરે નવ દિવસ જયા ગરબા મહોત્સવનું આયોજન થવાનું છે ત્યા મેડિકલ કેમ્પ રાખવામાં આવશે તેમજ જે કાર્યકર્તાઓને C.P.R ટ્રેનિંગ મેળવી છે તેઓ નવ દિવસ ગરબા

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્

આઝાદી કા અમૃત મહોત્સવ

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

મંડપમાં ઉપસ્થિત રહેશે તેમજ મંડલ સ્તરના ચિકિત્સા સેલના ડોકટરશ્રીઓ ઓન કોલ હાજર રહે અને નજીકની સ્પિશિયલીટી હોસ્પિટલમાં દર્દીઓને સારવાર મળી રહે તેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે જેથી સૌ આનંદ અને ઉલ્લાસથી નવરાત્રી કરી માતાજીની આરઘાન કરી ધન્યતા અનુભવે.

ડૉ.યજ્ઞેશ દવે
**(પ્રદેશ મિડિયા કન્વીનર)**